# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-02-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કુઆલાલંપુરમાં મલેશિયન સમકક્ષ અનવર ઇબ્રાહિમ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી
2. ભારત અને મલેશિયા વચ્ચે આપત્તિ વ્યવસ્થાપન, ભ્રષ્ટાચાર નિવારણ સહિત અનેક ક્ષેત્રમાં સમજૂતી કરાર થયા
3. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે છત્તીસગઢમાં માઓવાદ પ્રભાવિત વિસ્તારોમાં સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરશે
4. મુંબઈ પોલીસે શહેરમાં ગેરકાયદેસર રીતે રહેતા ચાર બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી
5. T20 ક્રિકેટ વિશ્વકપમાં આજે ન્યુઝીલેન્ડ અને અફઘાનિસ્તાન વચ્ચે મુકાબલો

..........................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# FUR. REV. DAY PM-MALAYSIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કુઆલાલંપુરમાં મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઇબ્રાહિમ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી હતી. આ વાટાઘાટો સંરક્ષણ અને સુરક્ષા સંબંધો વધારવા અને આર્થિક અને નવીન ભાગીદારીને પ્રોત્સાહન આપવા પર કેન્દ્રિત હતી. વાટાઘાટો દરમિયાન અનેક સમજૂતી કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેમાં આપત્તિ વ્યવસ્થાપન, ઑડિઓવિઝ્યુઅલ સહ-ઉત્પાદન, ભ્રષ્ટાચાર નિવારણ અને નિયંત્રણ, અને સેમિકન્ડક્ટર વિકાસ અને સુરક્ષાનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે આતંકવાદ વિરોધી, ગુપ્ત માહિતી શેરિંગ, દરિયાઈ સુરક્ષા અને સંરક્ષણ ક્ષેત્રોમાં બંને પક્ષો વચ્ચે સહયોગ વધશે.પ્રધાનમંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચે ઊર્જા, માળખાગત સુવિધા, ઉત્પાદન અને ડિજિટલ અર્થતંત્રના ક્ષેત્રોમાં સહયોગ વધી રહ્યો છે.

## બાઇટ – પીએમ મોદી – ON SHANTI

શ્રી મોદીએ જણાવ્યું હતું કે ઊર્જા, માળખાગત સુવિધા, ઉત્પાદન અને ડિજિટલ અર્થતંત્રમાં બંને દેશો વચ્ચે સહયોગ વધી રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે કૃત્રિમ બુદ્ધિ, સેમિકન્ડક્ટર, આરોગ્ય અને ખાદ્ય સુરક્ષાના ક્ષેત્રોમાં પણ સહયોગ વધુ ગાઢ બનશે.

## બાઇટ – પીએમ મોદી – ON RELATION

પ્રધાનમંત્રીએ મલેશિયામાં તમિલ ભાષા સહિત સાંસ્કૃતિક અને શૈક્ષણિક સંબંધો પર પણ ભાર મૂક્યો. પ્રધાનમંત્રી આજે બંને દેશો વચ્ચે વેપાર, રોકાણ અને આર્થિક સંબંધોને પ્રોત્સાહન આપવા માટે CEOs અને વ્યવસાયિક ઉદ્યોગસાહસિકો સાથે પણ ચર્ચા કરશે. તેઓ તેમની મુલાકાત પૂર્ણ કરીને ભારત રવાના થતા પહેલા આઝાદ હિંદ ફોજના સભ્યો અને મલેશિયન મહાનુભાવો સાથે પણ મુલાકાત કરશે.

. . . . . . . . . . . . . . . . . .

## DAY CHH'GH - AMIT SHAH

ગૃહમંત્રી અમિત શાહ આજે રાયપુરમાં બે ઉચ્ચ સ્તરીય બેઠકો યોજીને છત્તીસગઢના માઓવાદી પ્રભાવિત વિસ્તારોમાં સુરક્ષા પરિસ્થિતિ અને વિકાસ પ્રોજેક્ટ્સની સમીક્ષા કરશે. અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ

## VC - વિકલ્પ શુક્લા

દરમ્યાન ગૃહમંત્રી સાંજે "છત્તીસગઢ @25: દ્રષ્ટિકોણમાં પરિવર્તન" નામના રાષ્ટ્રીય પરિષદમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. શ્રી શાહ આવતીકાલે જગદલપુરમાં બસ્તર પાંડુમ મહોત્સવના સમાપન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે. શ્રી શાહ છત્તીસગઢની ત્રણ દિવસની મુલાકાતે ગઈકાલે સાંજે રાયપુર પહોંચ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ**

**NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# CBDT- INCOME TAX

કેન્દ્રીય પ્રત્યક્ષ કરવેરા બોર્ડ **CBDT** એ આવકવેરા અધિનિયમ 2025 સંબંધિત પ્રસ્તાવિત આવકવેરા નિયમો અને ફોર્મ્સ અંગે હિતધારકો પાસેથી સૂચનો મંગાવ્યા છે.

આવકવેરા અધિનિયમ-2025 ને ગયા વર્ષે ઓગસ્ટમાં રાષ્ટ્રપતિ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. તે આ વર્ષે પહેલી એપ્રિલથી અમલમાં આવશે. નાણા મંત્રાલયે કહ્યું છે કે અંતિમ સૂચના પહેલાં પ્રસ્તાવિત આવકવેરા નિયમો અને ફોર્મ્સ સત્તાવાર વેબસાઇટ incometaxindia.gov.in પર અપલોડ કરવામાં આવ્યા છે.

ભાષાને સરળ બનાવવા, મુકદ્દમા ઘટાડવા, પાલનનો બોજ ઘટાડવા અને બિનજરૂરી અને અપ્રચલિત નિયમો અને ફોર્મ્સ ઓળખવા અંગે સૂચનો માંગવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . .

## INS SUDARSHINI-OMAN

ભારતીય નૌકાદળના તાલીમ જહાજ INS સુદર્શિનીએ ઓમાનના સલાલાહ ખાતે પોતાની પ્રથમ મુલાકાત પૂર્ણ કરી. આ મુલાકાત ભારત અને ઓમાન વચ્ચેના ઐતિહાસિક દરિયાઈ સંબંધોને પ્રકાશિત કરે છે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ મુલાકાત જહાજની મહત્વાકાંક્ષી 10 મહિનાની સફર, લોકાયણ 26 માં એક સીમાચિહ્નરૂપ છે. આ સફરનો હેતુ ભારતના સમૃદ્ધ દરિયાઈ વારસા અને વસુધૈવ કુટુમ્બકમના આદર્શોને વૈશ્વિક સ્તરે પ્રદર્શિત કરવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . .

## MUMBAI-ILLEGAL IMMIGRATION

ગેરકાયદેસર ઇમિગ્રેશન સામે મોટી કાર્યવાહીમાં મુંબઈ પોલીસે નકલી ઓળખ દસ્તાવેજોનો ઉપયોગ કરીને શહેરમાં ગેરકાયદેસર રીતે રહેતા ચાર બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી છે.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે મલાડ પૂર્વના પઠાણવાડી વિસ્તારમાં શ્રેણીબદ્ધ સંકલિત કામગીરી બાદ આ ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર કુરાર પોલીસ સ્ટેશનને આ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશી નાગરિકો અને તેમના નકલી ઓળખ દસ્તાવેજો અંગે ગુપ્ત માહિતી મળી હતી. આ માહિતીના આધારે

આતંકવાદ વિરોધી સેલે બીજી, ચોથી અને છઠ્ઠી ફેબ્રુઆરીના રોજ સંયુક્ત દરોડા પાડ્યા હતા.

----------------

## DAY NETANYAHU -TRUMP TALK

ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ બુધવારે વોશિંગ્ટનમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરશે. આ બેઠકમાં અમેરિકા અને ઈરાન વચ્ચેની વાતચીત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

શ્રી નેતન્યાહૂએ જણાવ્યું છે કે ઈરાન સાથેના કોઈપણ કરારમાં તેહરાનના બેલિસ્ટિક મિસાઈલ કાર્યક્રમને રોકવા અને પ્રદેશમાં સહયોગી આતંકવાદી જૂથોને સમર્થન આપવાનો સમાવેશ થવો જોઈએ.

ગત શુક્રવારે ઓમાનમાં ઈરાની અને અમેરિકાના પ્રતિનિધિમંડળો વચ્ચેની વાતચીત બાદ આ બેઠકની જાહેરાત કરવામાં આવી હતી. ગયા વર્ષે ઈરાન પર ઇઝરાઈલના  હુમલા બાદ આ પ્રકારની પહેલી વાતચીત હતી, જે દરમિયાન અમેરિકાએ અનેક મુખ્ય ઈરાની પરમાણુ સુવિધાઓ પર બોમ્બમારો કર્યો હતો.

શ્રી ટ્રમ્પે વાટાઘાટોમાં પ્રગતિનો સંકેત આપતા કહ્યું છે કે આગામી અઠવાડિયાની શરૂઆતમાં વધુ ચર્ચા થવાની શક્યતા છે. નેતન્યાહૂ અને ટ્રમ્પ છેલ્લે ડિસેમ્બરમાં મળ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . .

## DAY CRICKET - ICC T20 WORLD CUP

પુરુષોના T20 ક્રિકેટ વિશ્વ કપમાં, અફઘાનિસ્તાને આજે એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે ટુર્નામેન્ટના ચોથા મુકાબલામાં ન્યુઝીલેન્ડ સામે 183 રનનો લક્ષ્યાંક રાખ્યો છે.

લક્ષ્યનો પીછો કરતા, છેલ્લા અહેવાલ પ્રમાણે ન્યૂઝીલેન્ડે 6 ઓવરમાં 2 વિકેટ ગુમાવી 52 રન બનાવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . .

## FOOTBALL- SAFF

ફૂટબોલમાં, ભારતે નેપાળના પોખરા એરેના સ્ટેડિયમ ખાતે દક્ષિણ એશિયન ફૂટબોલ ફેડરેશન - SAFF 19 વર્ષથી ઓછી વયની મહિલા ચેમ્પિયનશિપની ફાઇનલમાં બાંગ્લાદેશને 4-0 થી હરાવીને ટાઇટલ જીત્યું.

કેપ્ટન જુલાન નોંગમૈથેમે પહેલો ગોલ કર્યો, ત્યારબાદ એલિઝાબેથ લાકરા, પર્લ ફર્નાન્ડિસ અને અન્વિતા રઘુરામને ગોલ કર્યા.

ભારતે આ વર્ષના અંતમાં એશિયન ફૂટબોલ કન્ફેડરેશન **AFC 17** વર્ષથી ઓછી વયની મહિલા એશિયન કપની તૈયારી માટે **SAFF** અંડર-19 વર્ષથી ઓછી વયની મહિલા ચેમ્પિયનશિપમાં ભાગ લેવા માટે તેમની 17 વર્ષથી ઓછી વયની મહિલા રાષ્ટ્રીય ટીમ પોખરા મોકલી હતી.

. . . . . . . . . . . . . . . . . .

## CHAUHAN-INDO US TRADE

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે ભારત-યુએસ વેપાર કરારની કોંગ્રેસની ટીકાને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે આ કરાર કૃષિ અને ખેડૂતોના હિતોનું સંપૂર્ણ રક્ષણ કરે છે.

મધ્ય પ્રદેશના ભોપાલમાં એક પત્રકાર પરિષદને સંબોધતા શ્રી ચૌહાણે કહ્યું કે ભારતીય ખેડૂતો માટે હાનિકારક કોઈપણ ઉત્પાદનનો સમાવેશ કરવામાં આવ્યો નથી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે દેશ અને ખેડૂતોના હિત સર્વોપરી છે. તેમણે વર્ષોથી શાસન કરતી કોંગ્રેસ પર ખેડૂતોને વૈશ્વિક બજારો સાથે જોડવામાં અથવા આર્થિક સ્થિરતા સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો.

. . . . . . . . . . . . . . . . . .